For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**વિશ્વામિત્રીના જળ સ્તરમાં સતત વધારો થતા ચિંતાનો વિષય બન્યો, આજવા ડેમના દરવાજા બંધ કરાયા, ગુરુવારે સાંજે 29.4 ફૂટે વિશ્વામિત્રીની સપાટી પહોંચી હતી**

# વડોદરાના માથેથી પૂરનું સંકટ ટળ્યું હોવાના દાવા



**સતત વધતું વિશ્વામિત્રીનું જળસ્તર** વડોદરા અને ઉપરવાસમાં હાલ વરસાદ નથી જોકે આજવા ડેમમાંથી પાણી છોડાયું અને આજુબાજુના જે તળાવ છે તેમાંથી પણ થઈને વિશ્વામિત્રીમાં પાણી આવતા વિશ્વામિત્રીનું જળસ્તર સતત વધી રહ્યું છે જે ચિંતાનો વિષય બનતા પાલિકાના મ્યુનિસિપલ કમિશનર દિલીપરાણાએ આજવા ડેમને બંધ કરવાનો નિર્ણય કર્યો છે.કાલાઘોડા બ્રિજ બંધ કરાવ્યો હતો.જ્યારે 27 ફૂટની આજુબાજુ થશે એટલે રાબેતા મુજબ ચાલુ થશે અને અત્યારે હાલ પૂરતા ડેમના દરવાજા બંધ કર્યા છે. પરિસ્થિતિ જોઈને પછી આગળ એને ઓપરેટ કરવામાં આવશે. મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણાએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, છેલ્લા 24 કલાકથી વડોદરામાં વરસાદ નથી, પણ આજવા ડેમમાંથી પણ પાણી છોડાયું છે આજુબાજુના જે તળાવો છે. તેમાંથી ઓવરફ્લો થઈને વિશ્વામિત્રીમાં પાણી આવી રહ્યા છે જેના કારણે વિશ્વામિત્રીનું સ્તર સતત વધતું જ રહ્યું છે. જ્યારે વરસાદ બંધ થયો. ત્યારે 23-24 ફૂટ હતું. ત્યારે અત્યારે 29 ફૂટ ઉપર ગુરુવારે સાંજ સુધી હતી. છેલ્લા 24 કલાકમાં વરસાદ ઉપરવાસમાં પણ નથી, વડોદરામાં પણ નથી. પણ 29 ફૂટનું જળ સ્તર સચવાઈ રહ્યું છે, એના કારણે થઈને અમે હવે ઉપરવાસમાં વરસાદ નથી એટલે ડેમ બંધ કરવાનો નિર્ણય લીધો છે, અને એના કારણે પાણીનું સ્તર ઘટશે અને વિશ્વામિત્રીમાં ચોક્કસ ઘટાડો નોંધાશે. હાલ અત્યારે રાહતના સમાચાર એ છે કે, અમે મેજરમેન્ટ કરીએ છીએ તો 28.75 ફૂટ આવે છે. જ્યારે ગઈકાલે સાંજે 29.4 ફૂટ એટલે અડધા ફૂટનો ઘટાડો નિશ્ચિત નોંધાયો છે અને ખૂબ જ આવકારદાયક છે. ત્યાં સુધી કારણ કે ડેન્જર માર્કની ઉપર ચાલે છે. 29 ફૂટ હતું એટલે અમે કાલાઘોડા બ્રિજ બધું બંધ કરાવ્યું હતું. જેમ જ્યારે 27 ફૂટની આજુબાજુ થશે એટલે રાબેતા મુજબ ચાલુ થશે અને અત્યારે હાલ પૂરતા ડેમના દરવાજા બંધ કર્યા છે. પરિસ્થિતિ જોઈને પછી આગળ એને ઓપરેટ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. **(તસવીર-રણજીત સૂર્વે)**

**કોઈ હાજર નહિ હોવાથી મોટી દુર્ઘટના ટળી**

## કાલુપુરા લીંબડી ફળિયામાં મકાનની દીવાલ તૂટી પડી



**વડોદરા.** શહેરમાં મેઘરાજાએ મન મુકીને વરસતા ઠેર ઠેર નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા છે. બીજી તરફ વરસાદમાં જર્જરિત મકાનો, સ્લેપ, ઝાડ,હોર્ડિંગ્સ તૂટી પડવાના બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે રાત્રે 12:25 કલાકની આસપાસ કાલુપુરા સુધરાઈ સ્ટોર પાસે આવેલા લીંબડી ફળિયાના એક બંધ મકાનની દિવાલ તૂટી પડી હતી. દીવાલ તૂટવાના અવાજથી સ્થાનિક લોકો ભયભીત થયા હતા.સદનસીબે કોઈ જાનહાનિ નહિ થતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.વડોદરામાં વરસાદ અને તેજ પવનોને કારણે મકાનો ધરાશાયી થવા,હોર્ડિંગ્સ તૂટી પડવાના બનાવો યથાવત જોવા મળી રહ્યા છે. હાલમાં જ સલાટવાડામાં આવેલું વર્ષોજુનું જર્જરિત મકાન મોડી રાત્રે તૂટી પડતા સાત લોકો ફસાયા હતા જ્યારે એક વૃદ્ધ દબાઈ ગયા હોવાની વાતને લઈ ફાયબ્રિગેડ મોડી રાત સુધી કામગીરી કરી હતી.

**વડોદરામાં પુર જેવી પરિસ્થિતિનું નિર્માણ થતાં પાલિકા તંત્રએ નિચાણવાળા વિસ્તારોમાંથી 4200 જેટલા લોકોનું સ્થળાંતર કરવાવ્યું**

## રાત્રે 8 કલાકે આજવા સરોવરના દરવાજા 212.15 ફૂટે લઈ જવાતા પુનઃ એકવાર ઓવરફ્લો બંધ

**વિશ્વામિત્રી નદીની** સપાટી 28.75 ફૂટ પહોંચ્યા બાદ ઘટવા લાગી: હાલ જળસ્તર 28.9 ફૂટે થયું : વિશ્વામિત્રીની સપાટીમાં ખૂબ ધીમો ઘટાડો જણાયો, શુક્રવારે રાત્રે 8 વાગ્યાથી વરસાદ ફરી શરૂ થયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.26

ગત બુધવારના રોજ વડોદરા અને આસપાસના વિસ્તારમાં પડેલ મુશળધાર વરસાદના પગલે શહેરમાં પૂર જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. આજવા સરોવર ખાતે પણ જળસ્તરની સપાટી ખૂબ ઝડપભેર વધી જતા આજવામાંથી પાણી છોડાતા વિશ્વામિત્રી નદીએ ભયજનક સપાટી વટાવી દીધી હતી. ત્યારે હવે વડોદરા માટે મહદ અંશે રાહતના સમાચાર આવી રહ્યા છે. ગત સાંજે 6 વાગ્યાથી આજવા સરોવરના દરવાજા 212.15 ફૂટે સ્થિર કરાતા સરોવરમાંથી પાણીનું ઓવરફ્લો બંધ છે. અનેક કલાકો બાદ આખરે વિશ્વામિત્રીનું જળસ્તર ધીરે ધીરે ઘટવા લાગ્યું છે. આજવાના દરવાજા યથાવત રાખી વિશ્વામિત્રીની સપાટી ઘટાડ્યા બાદ તબક્કાવાર તેના દરવાજા ફરી નીચે કરવા અંગે તંત્ર વિચારશે. વડોદરામાં ખાતે પડેલ મુશળધાર વરસાદ અને આજવા સરોવરમાંથી પાણી છોડાતા શહેરમાં જળ સંકટ ઊભું થયું છે. આજવામાંથી સતત પાણી છોડાતા વડોદરામાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીનું જળસ્તર ખૂબ વધી ગયું હતું. વિશ્વામિત્રી નદીએ ભયજનક સપાટી વટાવી હતી. ગઈ કાલે રાત્રે વિશ્વામિત્રી નદીની સપાટી 29.33 ફૂટની સપાટીએ પહોંચી હતી. આજવા સરોવરમાંથી ઓવરફ્લો બંધ થઈ જતા ધીરે ધીરે હવે વિશ્વામિત્રી નદીની સપાટી ઘટવા લાગી છે. આ લખાઈ રહ્યું છે ત્યારે વિશ્વામિત્રી નદીની સપાટી ઘટી હવે 28.75 થઈ છે પરંતુ બીજી તરફ આજવાના કેચમેટ વિસ્તાર જેમાં ખાસ કરીને ગામડાઓમાંથી પાણીનો અવિરત પ્રવાહ યથાવત



રહેવા સાથે આજવાથી વડોદરા વચ્ચે આવેલ વિવિધ ખેતરોમાંથી ખેડૂત દ્વારા પાણી કાઢવાની કામગીરી થઈ રહી હોવાથી આજવામાંથી ઓવરફ્લો બંધ થઈ ગયે અંદાજે 18 કલાક થવા છતાં જોઈએ તેટલી વિશ્વામિત્રી નદીની સપાટી જોઈએ તેટલી ઘટી નથી. હજુ વિશ્વામિત્રી નદી ભયજનક 26 ફૂટ ઉપરની સપાટીએ વહી રહી છે. બીજી તરફ આજે હજુ મંગલ પાંડે સહિત અન્ય કેટલાક બ્રિજ વાહન વ્યવહાર માટે બંધ રાખવામાં આવેલ છે. શહેરમાં જે બ્રિજ વાહન વ્યવહાર માટે બંધ કરાયેલ છે તેમાં વિશ્વામિત્રીમાં જળસ્તરની સપાટી 27 ફૂટથી નીચે ગયા પછી બ્રિજ ખોલી દેવામાં આવશે. મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણાએ જણાવ્યું છે કે, વડોદરામાં પુર જેવી પરિસ્થિતિનું નિર્માણ થતાં પાલિકા તંત્રએ નિચાણવાળા વિસ્તારોમાંથી 4200 જેટલા લોકોનું સ્થળાંતર કર્યું છે અને જો હજુ જરૂર લાગશે તો વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવશે.

### સપાટી 27 ફૂટ થતા બ્રિજ પૂર્વવત કરાશે

હાલ વિશ્વામિત્રી નદીની સપાટી ભયજનક સ્તરે જણાઈ રહી છે. જાણવા મળ્યા પ્રમાણે, વિશ્વામિત્રી નદીમાં આવતા પાણીની આવક ઘટી રહી છે. વિશ્વામિત્રી નદીના જળસ્તરની સપાટી 27 ફૂટથી નીચે ગયા બાદ શહેરના વિવિધ વિસ્તારમાં વિશ્વામિત્રી નદી પરના બ્રિજનો વાહન વ્યવહાર જે બંધ કરવામાં આવ્યા છે તે પુનઃ રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે. હાલ મંગલ પાંડે બ્રિજ તથા સમા સિદ્ધાર્થ બંગલોઝ પાસેન નાના બ્રિજ પરનો વાહન વ્યવહાર બંધ છે. જેથી અન્ય બ્રિજ પર ટ્રાફિકનું ખૂબ ભારણ જણાઈ રહ્યું છે.

**કલાકોની જહેમત બાદ લાશ મળી આવી**

## કલાલી તળાવમાં ડૂબી જતા 42 વર્ષીય યુવકનું મોત



(પ્રતિનિધિ) વડોદરા, તા.26

વરસાદના કારણે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. શુક્રવારે કલાલી તળાવમાં એક યુવક ડૂબી ગયો હોવાની માહિતીને આધારે સ્થળ પર પહોંચેલી જીઆઈડીસી ફાયર સ્ટેશનની ટીમે યુવકની તળાવમાંથી ભાળ મેળવી હતી.વડોદરામાં બુધવારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. તો શહેરના તળાવ અને નદીઓ પણ હાઉસફુલ પરિસ્થિતિમાં છે. તેવામાં કલાલી તળાવમાં એક છોકરો ડૂબી ગયો હોવાની માહિતીને આધારે ફાયર બ્રિગેડની ટીમોએ તળાવમાં શોધખોળ હાથ ધરી હતી. વડોદરા શહેરના કલાલી ગામ ખાતે આવેલા તળાવમાં એક છોકરો ડૂબી ગયો હોવાની ફાયર બ્રિગેડના કંટ્રોલ રૂમ ઉપર મળેલી વર્ધિના આધારે ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી હતી.

**ભારે વરસાદથી શહેરમાં પાણીનો ભરાવો થતાં સિટી બસ સેવા બંધ કરવામાં આવી હતી**

## સિટી બસ સેવા ઠપ્પ થતા હાલાકી

**ખાસ કરીને** નોકરિયાત વર્ગ તથા અન્ય મુસાફરોને તકલીફ જ્યારે ઓટોરિક્ષા ચાલકો દ્વારા મનમરજી ભાડું વસૂલવામાં આવી રહ્યું છે

**સયાજીગંજ** વિસ્તારમાં સિટી બસસ્ટેન્ડ વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ જતાં શહેરના નવલખી મેદાનમાં સિટી બસોનું પાર્કિંગ કરવામાં આવ્યું



(પ્રતિનિધી) વડોદરા તા.26

શહેરમાં ગત બુધવારે સવારથી આઠ કલાકમાં નવ ઈંચ વરસાદ ખાબક્યો હતો જેના પગલે શહેરમાં વરસાદી પાણી ભરાયા હતા.સયાજીગંજ વિસ્તારમાં આવેલા સિટી બસસ્ટેન્ડ માં પણ વરસાદી પાણી ભરાઈ જતાં સિટી બસોને સલામતીના ભાગરૂપે શહેરના નવલખી મેદાનમાં ઉભી રાખવામાં આવી હતી. વરસાદી પાણીની અસર પબ્લિક ટ્રાન્સપોર્ટેશન પર પણ પડી હતી અને તેના કારણે અનેક વાહનો બધ થતાં લોકો અટવાયા હતા. ખાસ કરીને શહેરમાં વરસાદી પાણી ભરાતા શહેરની વિનાયક લોજિસ્ટિક્સની તમામ સિટી બસ સેવાઓ બંધ કરી દેવામાં આવી હતી જેના પગલે નોકરિયાત અને અન્ય મુસાફરો અટવાયા હતા. સતત બીજા દિવસે વરસાદ બંધ છતાં કેટલાક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયેલા હોવાથી સિટી બસ સેવા બંધ રાખવામાં આવી હતી જેના કારણે બીજી તરફ મુસાફરોને ઓટોરિક્ષા, કેબનો સહારો લેવાની ફરજ પડી હતી.

આવા સમયે ઓટોરિક્ષા વાળાઓ તથા ખાનગી કેબ ચાલકો દ્વારા મનમરજી ભાડું મુસાફરો પાસેથી વસૂલવામાં આવ્યું હોવાના આક્ષેપો લોકોએ કર્યા હતા.

વિશ્વામિત્રી નદીના જળસ્તર ભયજનક સપાટી વટાવતા કાલાઘોડા વિશ્વામિત્રી બ્રિજ્ર, મંગલ પાંડે રોડ, વડસર, જાંબુઆ બ્રિજ બંધ કરાતાં આ તમામ રૂટો પરની સિટી બસસેવા પ્રભાવિત થઈ છે જેના પગલે આ વિસ્તારના મુસાફરોને વધુ ભાડું ચૂકવવાની અથવાતો ઘરે જ રહેવાની ફરજ પડી છે.

**વિશ્વામિત્રી નદી કિનારે કંચનપુરા ગામની ઘટના**

## યુવતી લઘુશંકા માટે ગઈ અને મગરે પગ ફાડી નાખ્યો



(પ્રતિનિધિ) વડોદરા, તા.26

સાંજે વિશ્વામિત્રી નદી કિનારે આવેલા કંચનપુરા ગામમાં રહેતી યુવતી લઘુશંકા માટે ગઈ હતી.આ દરમિયાન રસ્તો પસાર કરતા સમયે મગરે તેનો પગ પકડી લીધો હતો.આ સાથે તેની સાથે ગયેલી સાથે ગયેલી બીજી છોકરી એ પણ બૂમાબૂમ કરતા લોકો ત્યાં એકઠા થઈ ગયા હતા અને યુવતીનો પગ મગરના જડબામાંથી કાઢીને તેનો જીવ બચાવ્યો હતો.

આ ઘટના સેજલબેન ભાભોર જોડે બની હતી જેમને જણાવ્યું હતું કે હું લઘુશંકા માટે ગઈ હતી આ દરમિયાન મગરે મારો પગ પકડી લીધો હતો અને તેની તરફ ખેચવાનો પ્રયત્ન કર્યો હતો. મારો ભાઈ અને બીજા લોકો આવી જતા મારો હાથ પકડી મને મગરના મોઢામાંથી બહાર કાઢી હતી અને મને હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. મગર ખૂબજ મહાકાય હતો.